# દૂધાળ ગાયો / ભેંસોની માવજત અને વ્યવસ્થા

ડો. બી.ડી. સાવલીયા,

પશુ ઉછેર કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

---

દૂધ ઉત્પાદન વ્યવસાય એક સ્વતંત્ર વ્યવસાય તરીકે આપણા દેશમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. રાષ્ટ્રનાં કુલ દૂધ ઉત્પાદનમાં આપણે અમેરીકા સાથે હરીફાઈ કરીએ છીએ. પહેલાના સમયમાં પશુપાલનને ખેતીના પુરક વ્યવસાય તરીકે ગણવામાં આવતો હતો. પરંતુ જેમ-જેમ શહેરીકરણ અને ઔધોગીકરણ વધવા લાગ્યુ તેમ દુધની માંગમાં ધરખમ ઉછાળો આવ્યો. સાથે સાથે દુધની કિંમતમાં  પણ વધારો થવા લાગ્યો આમ પશુપાલન અને દુધ ઉત્પાદન દ્રારા વધુ નફો રળી શકાય તેમ લાગતા ખેડુતો પશુપાલનને એક સ્વતંત્ર વ્યવસાય તરીકે જોવા લાગ્યા. હાલના સમયમાં શિક્ષીત માણસો પણ ગાયો-ભેંસોના તબેલા નાખી આધુનિક પશુપાલન તરફ વળી રહયા છે.

દૂધ ઉત્પાદન વધારવા માટે દૂધાળા પશુઓની માવજત માટેના કેટલાંક અગત્યનાં વૈજ્ઞાનિક પાસાઓની અહી ચર્ચા કરેલ છે.

❖ **પશુ સંવર્ધન** :-

પશુ સંવર્ધન એ પશુપાલન વ્યવસાયનો મુખ્ય ભાગ છે. સંવર્ધન માટે જે સાંઢનો ઉપયોગ કરવાનો હોય તે ઉચ્ચ ઓલાદનો જે તે જાતની ગાય-ભેંસનો પ્રમાણિત (સિધ્ધ થયેલ) સાંઢ હોવો જોઈએ તેમજ ઓલાદની પસંદગી વખતે સાંઢ / વાછરડીની માતાનું દુધ ઉતણાદન સારૂ હોવું જોઈએ.

❖ **દુધાળ જાનવરોની પસંદગી** :-

૧. ગાય-ભેંસનું વેતરનું દુધ ઉત્પાદન અનુક્રમે ર૦૦૦ થી રપ૦૦ કિ.ગ્રા. થી વધુ હોવું જોઈએ.

૨. દુધ ઉત્પાદન માટે જે જાનવરો પસંદ કરવાના હોય તે શુધ્ધ ઓલાદના લક્ષાણોવાળા હોવા જોઈએ.

૩. દુધાળ જાનવરોની ખરીદી કરતી વખતે જાનવરનું કદ મધ્યમ, શરીરનો બાંધો ફાચર આકારનો હોવો જોઈએ.

૪. આઉ છાલિયા કે વાટકા પ્રકારનું, મોટું અને શરીર સાથે ચુસ્ત રીતે જોડાયેલું હોવું જોઈએ, આ ઉપાછળના ભાગે ઉંચે સુધી અને આગળના ભાગે નાભી તરફ વિસ્તરેલું હોવું જોઈએ. આંચળ એક સરખા નળાકાર, મધ્યમ કદના, પોચા અને સપ્રમાણ ગોઠવાયેલા હોવા જોઈએ.

❖ **દૂધાળા પશુઓનો આહાર :-**

પશુપાલન વ્યવસાયમાં ૬૦ થી ૭૦% ખર્ચ ખોરાકનો થાય છે. માટે તેમાં શકય તેટલી કરકસર અને કાળજીની ખાસ જરૂર રહે છે. દૂજણાં પશુઓનો આહાર મુખ્યત્વે ઘાંસચારો, દાણ અને ક્ષાર મિશ્રણનો બનેલો હોય છે.

દૂધાળ ઢોરને રોજ તેના વજનનાં ૨.૫ % જેટલા સૂકા ચારા (ડ્રાય મેટર)ની જરૂર પડે છે. જાનવરની કુલ જરૂરિયાતના ત્રીજો ભાગ લીલો ચારો હોવો જોઈએ એટલે કે દૂજણા ઢોરને દૈનિક ઓછામાં ઓછો ૨૦ કિ.ગ્રા. લીલો ચારો આપવો જોઈએ. તેમાં પણ શકય હોય તો ૪ થી ૭ કિ.ગ્રા. રજકો / ચોળી / ગુવાર અને ૮ થી ૧૨ કિ.ગ્રા. મકાઈ / જુવાર / ઓટ આપવા જોઈએ. એટલે કે એક ભાગ કઠોળ વર્ગ અને બે ભાગ ધાન્ય વર્ગનો ઘાંસચારો આપવો જોઈએ. આમાથી દૂજણા ઢોરને જોઈતુ પ્રોટીન, કેલ્સીયમ અને વિટામિન્સ મળી રહે છે.

દૂધાળ ઢોરને સૂકો ચારો દરરોજ ખાય તેટલો આપવો જોઈએ. લીલાચારા અને સૂકાચારાને ટુકડાં કરી,મિશ્ર કરી આપવાથી ચારાનો બગાડ અટકશે અને તેની સાથે સાથે તેની પાચ્યતામાં પણ વધારો થશે.

લીલાચારાની અછતમાં સાયલેજ અને ઉનાળામાં મળતા લીલા ઝાડ પાન પણ લીલાચારા તરીકે ખવડાવી શકાય. પશુનો ચારો તાજો, સારો, સ્વચ્છ હોવો જોઈએ અને બગડેલો કે ફુગવાળો ન હોવો જોઈએ.

❖ **દાણ :-**

દાણ દૂજણા પશુનાં આહારનુ મુખ્ય અંગ છે. તેનાથી ઉંચી જાતના પોષ્ાક તત્વો જેવા કે પ્રોટીન, ચરબી અને ક્ષાાર મળે છે. દૂધ ઉત્પાદન આપતા પશુઓને શારીરિક નિભાવ ઉપરાંત દૂધ ઉત્પાદન માટે પોષ્ાક તત્વોની જરૂર રહે છે માટે તેનુ દાણ મિશ્રણ સારી ગુણવત્તાવાળું સુમિશ્રિત કે જેમાં ૨૨% પ્રોટીન અને ૬૫ થી ૭૦ % કુલ પાચ્ય તત્વો હોવા જોઈએ.

સામાન્ય રીતે દૂધાળ જાનવરને દર બે લીટર દૂધ ઉત્પાદને એક કિ.ગ્રા. દાણ આપવુ જોઈએ.

ખૂબજ મહત્વની વાત એ છે કે જયારે દૈનિક ૧૫ કે ૨૦ લીટર કે વધુ દૂધ આપતી ગાયો કે ભેંસોને ઉપર જણાવેલ આહારમાંથી દૂધ ઉત્પાદન માટે જરૂરી પોષ્ાકતત્વો પૂરતા પ્રમાણમાં મળતા નથી. આવા જાનવરોને દાણ ઉપરાંત ફીશમીલ, મકાઈગ્લુટેન, કપાસીયા ખોળ કે સોયાબીન ખોળ આપવા જોઈએ. આ ઉપરાંત વધુ દૂધ ઉત્પાદન આપતા પશુને રોજનુ ૩૦ ગ્રામ ક્ષાાર મિશ્રણ આપવુ જોઈએ અથવા બજારમાં મળતી ચાટણ ઈંટ પશુની ગમાણમાં મુકવી જોઈએ. જેથી જરૂરીયાત પ્રમાણે તે ઈંટને ચાટશે અને તેમને સુક્ષમતત્વો તેમાંથી મળી રહેશે. આમ ખૂબજ વધુ દૂધ ઉત્પાદન

આપતી ગાય/ ભેંસોને ઉપર પ્રમાણે ખોરાક આપવો ખૂબજ જરૂરી છે જેથી દૂધમાં ફેટના ટકા અને દૂધ ઉત્પાદન જળવાય રહે.

❖ **પાણી :-**

પાણી પણ ખોરાકનુ અગત્યનુ ઘટક હોઈ, ખોરાક સાથે તેની વાત પણ અસ્થાને ન જ ગણાય. સામાન્ય રીતે દૂધાળ પશુઓને દૈનિક ૫૦ થી ૬૦ લીટર પાણીની જરૂર શરીરનાં નિભાવ માટે પડે છે. તથા દર એક લીટર દૂધ ઉત્પાદન માટે વધારાના ૩ લીટર પાણીની જરૂરીયાત રહે છે. આમ દૈનિક ૧૦ લીટર દૂધ આપતી ગાય/ ભેંસને ૬૦ લીટર + ૩૦ લીટર એમ કુલ ૯૦ લીટર પાણીની દૈનિક જરૂરીયાત રહે છે. ઉનાળામાં તેનાથી પણ પાણીની જરૂર વધે છે. આમ દૂધાળ પશુને પાણી પીવાની ઈચ્છા થાય ત્યારે તેમને પાણી મળી રહે અથવા દિવસમાં ઓછામાં ઓછુ ચાર વખત પાણી પીવડાવવું જોઈએ.

❖ **દૂધાળ પશુઓની વ્યવસ્થા :-**

❖ **દોહન :-**

દોહન એ દૂજણા ઢોરની સૌથી અગત્યની કામગીરી છે. દોહનની ક્રિયામાં નિયમિતતા જાળવવી ખૂબજ જરૂરી છે. બે દોહન વચ્ચે ૧૨ કલાકનો સમયગાળો જળવાય રહે તે જરૂરી છે. દૈનિક ૧૫ લીટરથી વધુ દૂધ આપતા પશુઓને દિવસમાં ત્રણ વખત (૮ કલાકના અંતરે) દોહવાથી ૧૫ થી ૨૦ % વધુ દૂધ મેળવી શકાય છે અને આઉનાં સોજાના કિસ્સા પણ ઘટાડી શકાય છે. પાનો મકયા પછી ૫ થી ૭ મીનીટમાં જાનવરને પુરેપુરૂ, ઝડપી અને આરામપ્રદ રીતે દોહન કરવુ. સ્વચ્છ ગુવત્તાવાળા દૂધ ઉત્પાદન માટે પશુઓને દોહન પહેલાં પાછળનો ભાગ પાણીથી સાફ કરવો અથવા નવડાવવા. પોટેશીયમ પરમેંગેનેટ યુકત હુંફાળા પાણીથી આઉ અને

આંચળની સફાઈ કરવી. દોહન માટે સ્વચ્છ વાસણોનો ઉપયોગ કરવો. હોદન બાદ આંચળ ડીપનો ઉપયોગ કરવો જરૂરી છે.

❖ **વસુકેલ સમયગાળો :-**

દૂધાળ પશુને ૬૦ થી ૮૦ દિવસનો વસુકેલ ગાળો આપવો જ જોઈએ, જેથી વેતર દરમ્યાન વપરાયેલ શકિત-તત્વોનો પુન:સંચય થઈ શકે તથા દુગ્ધ ગ્રંથીઓ પુન:નિમર્ાણ પામી પછીના વેતરમાં કાર્યક્ષામ રીતે દૂધ ઉત્પાદન કાર્ય કરી શકે. ગાભણ દૂધાળ પશુને જયારે ૭ થી ૮ માસનો ગર્ભ થાય ત્યારે વસુકાવી નાખવુ જોઈએ. વસુકાવવાની મુખ્ય ત્રણ રીતો છે. (૧) અધુરૂ દોંહવું (૨) આંતર દિવસે દોંહવું અને (૩) એકા એક દોંહવાનું બંધ કરવું. વિયાણ પછી માદાને ૩ થી ૪ માસ પછી જ ફેળવવી જોઈએ. જો દૂધાળ પશુઓ વિયાણ પછી બે-ત્રણ માસમાં ઋતુકાળમાં (ગરમી) ન દર્શાવે તો નિષ્ણાંત પાસે તપાસ કરાવવી જોઈએ.

❖ **પશુ રહેઠાણ :-**

દૂધાળ પશુઓ પાસેથી વધુ ઉત્પાદન મેળવવા માટે તેને ગરમી , ઠંડી, વરસાદ વગેરેથી રક્ષાણ આપવા માટે ઓછા ખર્ચનુ રહેઠાણ પૂરૂ પાડવુ જોઈએ. દરેક પશુને ૫૦ થી ૬૦ ચોરસ ફુટ શેડવાળી જગ્યા અને ૧૦૦ ચોરસ ફુટ જેટલી ખૂલ્લા વાડાની જગ્યા મળી રહે તે જરૂરી છે. પશુનુ રહેઠાણ સ્વચ્છ, હવા ઉજાસવાળુ હોવુ જોઈએ.

❖ **આરોગ્યની જાળવણી :-**

રોગી અને બીન ઉત્પાદક પશુ ખેડૂત માટે ભાર રૂપ છે અને મોટું આથર્િક નુકશાન કરે છે. માટે દૂધાળ પશુનુ આરોગ્ય જળવાઈ રહે તે માટે છાણનો ત્વરીત અને યોગ્ય નિકાલ, ભોંયતળીયાની પાણીથી સફાઈ તથા અઠવાડીયામાં એક-બે વખત ફીનાઈલથી સફાઈ કરવી જરૂરી છે. પાણીનો અવારડો અઠવાડીયામાં એક-બે વખત

સાફ કરી ચૂના વડે ઘોળવો જોઈએ. માંદા પશુઓને અલગ કરી યોગ્ય સારવાર કરાવવી જોઈએ. પશુચિકિત્સકની સલાહ મુજબ દર ત્રણ થી ચાર માસે કૃમિનાશક દવા આપવી તથા યોગ્ય સમયે વિવિધ રોગો માટે યોગ્ય રસીઓ મુકાવવી જોઈએ. ઈતરડી-કથીરી જેવા બાહ્ય પરોપજીવીઓ માટે અટકાયતી પગલાં લેવા જોઈએ. આવના સોજાના રોગને અટકાવવા માટે આવ, આચળ અને રહેઠાણને સ્વચ્છ રાખવુ જોઈએ. દૂધાળ પશુમાં ક્ષાય અને ચેપી ગર્ભપાત (બ્રુસેલોસીસ)ની ચકાસણી દર વર્ષે કરાવવી જોઈએ કારણ કે આ રોગો પશુઓમાંથી દૂધ ધ્વારા માણસમાં ફેલાઈ શકે છે.

| રોગનું નામ | **રોગનું નામ રસી મુકવાનો સમય** |
|---|---|
| ખરવા મોવાસા | એપ્રિલ-મે તથા નવેમ્બર - ડીસેમ્બર |
| ગળ સુંઢો તથા ગાંઠીયો તાવ | જુન |

❖ **પશુ સંવર્ધન અને માવજત માટેની સામાન્ય સૂચનાઓ :-**

➢ તમારી ખેતીની આડ પેદાશ અને ખેતીની જમીનના પ્રમાણમાં પોષ્ાાય તેટલા જ સારા પશુઓ પાળવાનો આગ્રહ રાખવો.

➢ રોજનુ ઓછામાં ઓછુ ૭ કે ૮ લીટર દૂધ આપે તેવી જ ગાય/ ભેંસ રાખવી.

➢ વધુ દૂધ ઉત્પાદન શકિત ધરાવતા પશુઓનો જ વંશ વેલો વધારવા પ્રયત્ન કરવો.

➢ ઓછા ઉત્પાદનવાળા, ઘરડા અને આંચળ બંધ થઈ ગયેલા, સંવર્ધન ન થતુ હોય તેવા પશુઓનો નિકાલ કરવો.

➢ માદા પશુને વિયાણ પછી ૩ થી ૪ માસનો આરામ આપ્યા પછી જ ફેળવવું જોઈએ.

➢ બે વેતર વચ્ચેનો ગાળો ૧૫ થી ૧૬ માસ રાખવો.

- વેતરે આવેલ માદાને સાંઢની અથવા કૃત્રિમ બીજદાનથી ફેળવવાનો આગ્રહ રાખવો.
- માદા બંધાઈ ગયા પછી  ૨.૫ થી ૩ મહિને  માસે પશુ ડોકટર પાસે ખાતરી કરાવી લેવી.
- દૂધાળા પશુના દૈનિક કાર્યક્રમમાં નિયમીતતા રાખો.
- પશુ સાથે માયાળુ વર્તન રાખો.
- વેતરે અવેલ માદાને ૧૦ થી ૧૨ કલાક પછી ફેળવવાથી ગાભ રહેવાની શકયતાઓ સૌથી વધુ રહે છે.
- એકવાર માદા રીપીટ થાય / પાછી ફરે તો રૂા. ૧૫૦૦/- થી રૂા.૨૦૦૦/-નું નુકસાન થાય છે.
- વોડકી/ પાડીનું વજન ૨૫૦ - ૩૦૦ કિ.ગ્રા. જેટલુ થાય ત્ય્ારે જ તેને ફેળવવી જોઈએ.
- તમારી પાસેની ગાયો/ ભેંસોમાંથી ૭૫-૮૦ %  પશુઓ ગાભણ થવી જોઈએ.
- પશુઓને ગંભીર રોગોથી બચાવવા માટે સમયપત્રક પ્રમાણે રસી આપવી જોઈએ.
- નાના વાછરડા/ પાડીયાઓને દર બે માસે અને મોટા પશુઓને દર ત્રણ માસે કૃમિનાશક દવા પીવડાવવી જોઈએ.
- ગાયો/ ભેંસોમાં પ્રાસવો મુકવા માટેના ઈન્જેકશનો ન આપવા જોઈએ. તેનાથી પશુને તથા તેનુ દૂધ ખાનાર માનવજાતના સ્વસ્થ્યને   ખૂબ જ નુકસાન થાય છે.

xxxxxxxxxx